


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 029
Dt.: 07-10-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in





# તંત્રી લેખ......

## સર્વ સમાવેશી સંબોધન

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દી નિમિત્તે સરસંઘચાલક મોહન ભાગવતે હિંદુ સમાજને-દેશના લોકોને આપેલો સંદેશો સૂચક અને સર્વસમાવેશક છે. સશક્ત સંગઠિત હિંદુ સમાજ દેશની સુરક્ષાની ગેરંટી છે તેવું કહેવાની સાથે જ તેમણે સાંપ્રત સ્થિતિઓને કેન્દ્રમાં રાખીને કહ્યું કે, અન્ય અર્થવ્યવસ્થાઓ ઉપરની નિર્ભરતા આપણી મજબૂરી ન બને તે જોવું પડશે. દેશ જ્યારે આઝાદીની લડાઈની ચરમસીમાએ હતો ત્યારે જ હિંદુ સમાજને એક કરીને રાષ્ટ્ર નિર્માણના ઉદ્દેશથી સ્થપાયેલાં સંગઠન આર.એસ.એસ.ને સો વર્ષ પૂર્ણ થયાં છે, સમગ્ર દેશમાં સંઘની વિવિધ ભૂમિકા અંગે ચર્ચા ચાલી રહી છે, તે વેળાએ જ મોહન ભાગવતે સ્થાનિકથી લઈને વિશ્વ સ્તરના મુદ્દાઓને પોતાનાં વક્તવ્યમાં આવરી લીધા છે. નાગપુર ખાતે સંઘ મુખ્યાલયે સંબોધન કરતાં તેમણે કહ્યું કે, આપણા દેશની સુરક્ષા અને અખંડતા સંગઠિત અને સશક્ત હિંદુ સમાજ ઉપર આધારિત છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ અનેક વખત તેઓ એવું બોલી ચૂક્યા છે કે, અમે આ દેશના દરેક નાગરિકને હિંદુ માનીએ છીએ. ભારતના એક હિસ્સામાં અને આસપાસના દેશોમાં થયેલા જેન-ઝી આંદોલનનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, આપણા પડોશી દેશોનો આ અનુભવ થયો છે. શાસન લોકોની નજીક ન હોય કે સંવેદનશીલ ન હોય અથવા તો પ્રજાની સ્થિતિને ધ્યાનમાં રાખીને નીતિઓ બનાવવામાં આવતી ન હોય ત્યારે અસંતોષ ઉત્પન્ન થાય, પરંતુ તેના વિરોધની આવી અભિવ્યક્તિ ફાયદાકારક નથી. ૪૧ મિનિટના વક્તવ્યમાં સામાજિક પરિવર્તન, સરકારના અભિગમ ઉપરાંત અમેરિકાએ લાદેલા ટેરિફથી વિશ્વ સ્તરે ઊભી થયેલી આર્થિક સ્થિતિનો પણ તેમણે ઉલ્લેખ કર્યો છે જે દર્શાવે છે કે, સંઘ સ્થાનિકથી લઈને વૈશ્વિક પ્રવાહો અને પ્રભાવો માટે પણ ચિંતન કરે છે. તેમણે આશાવાદ દર્શાવ્યો અને કહ્યું કે, વૈશ્વિક ચિંતાઓના ઉકેલ માટે સમસ્ત વિશ્વની નજર ભારત તરફ છે. યુવા પેઢી અને બુદ્ધિજીવીઓમાં ભારતના હિતનું ચિંતન વધ્યું છે તે સારી વાત છે, સાથે જ વધી રહેલી કુદરતી આફતો અંગે તેમણે ચિંતા વ્યક્ત કરીને કહ્યું હતું કે, હિમાલયની વર્તમાન સ્થિતિ આપણા માટે લાલબત્તી છે. વિકાસની દિશા સુનિશ્ચિત કરવી તે આપણું કર્તવ્ય છે. રાષ્ટ્રીય પ્રશ્નોથી લઈને કુદરતી હોનારતો સમયમાં લોકોની વચ્ચે રહેલો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આજે ૧૦૦ વર્ષે કદાચ પહેલી વાર આટલી હદે ખૂલીને, પોતાની વાત જનસમુદાય વચ્ચે લઈને આવી રહ્યો છે. રાષ્ટ્ર સંઘની વર્તમાન સમસ્યાઓના ઉકેલ માટે સંઘનું આ ચિંતન કામ આવી શકે તેવી આશા રાખી શકાય. હકીકતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે અસ્પૃશ્યતા તથા સામાજિક ભેદભાવ સામે સાતત્યપૂર્વક યુદ્ધ કર્યું છે. મહાત્મા ગાંધીએ પણ સંઘની સમાનતા અને ભ્રાતૃભાવની જાહેરમાં પ્રશંસા કરતાં, ગાંધી જયંતી અને વિજયાદશમીની પૂર્વસંધ્યાએ યોજાયેલા સંઘની સ્થાપનાનાં સો વર્ષની ઉજવણીના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંદિરો, કૂવાઓ અને સ્મશાનભૂમિ પર સૌનો એકસમાન અને સહિયારા અધિકારની વર્તમાન સર સંઘસંચાલક મોહન ભાગવતની વાતને દોહરાવતાં જાતિના આધારે દેશની એકતા-અખંડિતતામાં તિરાડ પાડવાનો પ્રયાસ કરી રહેલા રાજકારણીઓને આડકતરો જવાબ આપ્યો હતો.

# ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં RTI સપ્તાહની ઉજવણીનો પ્રારંભ

### સરકારી તંત્ર- નાગરિકો વચ્ચે આયોગે સેતુરૂપ કામ કરીને RTI અંગેના કેસોનો ઝડપી ઉકેલ લાવી ગુજરાતને અગ્રીમ હરોળનુ રાજ્ય બનાવ્યું :- ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

કેન્દ્ર સરકારની સુચના મુજબ, દર વર્ષે તા.૫ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન **Rights to Information Act.** સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાત માહિતી આયોગ દ્વારા **"Roles & Responsibility of the different stakeholders"** વિષય ઉપર આર.ટી.આઈ. સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. **NFSU** કેમ્પસ- ગાંધીનગર ખાતે આયોજિત આ ઉજવણીમાં રાજ્યના માનનીય મુખ્ય માહિતી કમિશનર ડૉ.સુભાષ સોની ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગુજરાત માહિતી આયોગ દ્વારા કરવામાં આવતી કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, ગુજરાત માહિતી આયોગ એ સરકારી તંત્ર અને નાગરિકો વચ્ચે સેતુની ભૂમિકા ભજવી રહ્યું છે. માહિતી આયોગની ટીમે **RTI**ના ક્ષેત્રમાં રાજ્યના નાગરિકોનાં હિતમાં અનેક એવા નિર્ણયો લીધા છે જેના પરિણામે આજે ગુજરાત **RTI**ના પારદર્શક અને ઝડપી ઉકેલ લાવવામાં અગ્રીમ હરોળનુ રાજ્ય બન્યું છે.

વધુમાં શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, સ્વ. શ્રી અટલ બિહારી બાજપેયીના સમયમાં નાગરિકોને સાચી માહિતી મળી રહે તે માટે, આ **RTI Act** -૨૦૦૫ બનાવવામાં આવ્યો હતો. કાયદો જ્યારે બને છે ત્યારે તેનો ગેરલાભ ઉઠાવવા અને કેટલાક નાગરિકો તેને આવકનો સાધન બનાવવાનો પ્રયત્નો કરતા હોય છે. ૫૦૦-૧૦૦૦ કિ.મી દૂરથી કેટલાક ગુનાહિત પ્રવૃત્તિ કરતા આર.ટી.આઈ એક્ટવિસ્ટો ઉદ્યોગકારોને **RTI**ના નામે હેરાન કરતા હોય છે. આ પ્રકારની ટોળકીઓનુ દેશમાં એક નેટવર્ક છે. આ નેટવર્કને નાબૂદ કરવા માટે ગુજરાત સરકાર બધા વિભાગો સાથે સંકલનમાં રહીને અગ્રેસર કામગીરી કરી રહી છે.

સુરત જિલ્લામાં ફક્ત એક જ વર્ષમાં આરટીઆઈનો દુરપયોગ કરનાર શખ્સો સામે ૮૫ થી વધારે કેસો કરીને ૧૦૫ લોકોની ધરપકડ કરવામાં સુરત પોલીસને સફળતા મળી છે. અમદાવાદ શહેરમાં ૧૨ જેટલા કેસો માત્ર ૧૫ દિવસમાં કરવામાં આવ્યા હતા. આ ગુનેગારોને જેલ ભેગા કરવા ઉપરાંત પાસા હેઠળ પણ ગુનો નોંધી સજા આપવાનું કામ સૌ પ્રથમ કાર્ય ગુજરાત પોલીસે શરૂ કર્યું છે. આ કાયદો લોકોના હિતમાં બનવવામાં આવેલો કાયદો છે કોઈ આર.ટી.આઈ એજન્ટોના હિતમાં બનાવવામાં આવેલો કાયદો નથી તેમ શ્રી સંઘવીએ કહ્યું હતું.

વધુમાં શ્રી સંઘવીએ ઉમેર્યું હતું કે, ગુજરાત એવું પહેલું રાજ્ય હશે જ્યાં વર્ષમાં આરટીઆઈનો દુરપયોગ કરનાર શખ્સોની યાદી બનાવવાનો એક સરાહનીય પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. **RTI**ના નામનો ઉપયોગ કરીને આવા એજન્ટોને પ્રતિબંધિત કરવાનું કામ ગુજરાત માહિતી આયોગે કર્યું છે આ ઉત્તમ કામગીરી કરવા બદલ હું ગુજરાત માહિતી આયોગની ટીમને અભિનંદન પાઠવું છું.

આ પ્રસંગે રાજ્યના મુખ્ય માહિતી કમિશનર ડૉ.સુભાષ સોનીએ જણાવ્યું હતું કે, આર.ટી.આઈ સપ્તાહ અંતર્ગત આજે દેશ – દુનિયામાં કેટલાક નાગરિકો ગુજરાત માહિતી આયોગની સોશિયલ મીડિયા ચેનલોથી જોડાઈને આર.ટી.આઈ કાયદાની સમજણ લઈ રહ્યા છે. ગુજરાત માહિતી આયોગ દ્વારા અરજી મળવાથી તેના નિકાલની તમામ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી છે. નાગરિકોને તેમના કેસની સુનાવણીની જાણ ઈમેલ અને ફોન કરીને કરવામાં આવે છે. આ પ્રકારની પારદર્શક કામગીરીથી દેશના અન્ય માહિતી આયોગ ગુજરાત પાસેથી પ્રેરણા લઈ રહ્યા છે.

ગુજરાત માહિતી આયોગની વેબસાઈટને નવીનીકરણ કરીને વધુ પ્રજાલક્ષી બનાવવા આવ્યું છે. આ વેબસાઈટ પર સુપ્રીમ કોર્ટ, હાઈકોર્ટના ચુકાદા, અધિનિયમ તેમજ રાજ્ય સરકારની સૂચનાઓ મુકવામાં આવે છે. નાગરિકોને **RTI**ને લગતી માહિતી મળી રહે તે પ્રકારની માહિતી વેબસાઈટ પર મુકવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપે છેલ્લા એક વર્ષમાં ૨ લાખથી વધુ નાગરિકો વેબસાઈટની મુલાકાત લઈને **RTI** વિશે માહિતગાર થયા છે તેમ શ્રી સોનીએ જણાવ્યું હતું.

વધુમાં શ્રી સોનીએ ઉમેર્યું હતું કે, ગુજરાત માહિતી આયોગ દ્વારા ૧.૪૦ લાખથી વધુ અપીલનો નિકાલ કરવામાં આવ્યો છે. અત્યારે માત્ર ૧૨૦૦ અપીલ પેન્ડીંગ છે. આજે ગુજરાત માહિતી આયોગ દ્વારા માત્ર ૬૦-૯૦ દિવસમાં અપીલનો નિર્ણય કરવામાં આવે છે. આ ઝડપી અપીલનું નિર્ણય કરનાર ગુજરાત રાજ્ય માહિતી આયોગ પ્રથમ છે. ગુજરાત માહિતી આયોગ દ્વારા અધિનિયમની જોગવાઈઓનો યોગ્ય રીતે અમલ નહિ કરતા જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ અધિકારીને સુધારણા તેમજ સમજણ માટે એક તક આપવામાં આવે છે. જો જરૂર જણાય તો તેમની વિરુદ્ધ દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવે છે, આયોગ દ્વારા છેલ્લા પાંચ વર્ષોમાં ૫૦૦ જેટલા કેસોમાં જાહેર માહિતી અધિકારીઓને રૂ.૪૨ લાખથી વધુનો દંડ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગુજરાત માહિતી આયોગ દ્વારા ત્રણ લઘુપુસ્તિકાઓના આધારે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરીને માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત અરજદાર, જાહેર માહિતી અધિકારી તથા પ્રથમ અપીલ અધિકારીની ફરજો અને જવાબદારીઓ અંગેનો વિડીયો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજ્ય માહિતી કમિશનર શ્રી સુબ્રમણિયમ ઐયર, શ્રી મનોજભાઈ પટેલ, શ્રી નિખિલભાઈ ભટ્ટ, શ્રી વિપુલ રાવલ, શ્રી ભરત ગણાત્રા સહિત રાજ્યના ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, નાગરિક સંગઠનના પ્રતિનિધિશ્રીઓ તેમજ વર્ચ્યૂઅલ માધ્યમથી વિવિધ જિલ્લાઓમાંથી અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ પણ જોડાયા હતાં.

- પ્રિન્સ ચાવલા

# ૦૯ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ ગણપત યુનિવર્સિટી, મહેસાણા ખાતે "ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર" પર સેમિનાર યોજાશે

ગુજરાત સરકાર હેઠળના ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ **(GIDB)**, ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન **(GIDC)** અને માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનલ ડેવલપમેન્ટ ઓથોરિટી **(MBSIRDA)** દ્વારા ઉત્તર ગુજરાત રિજિયન માટે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ **(VGRC)** ના ભાગ રૂપે "ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર" પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સેમિનાર ૦૯ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ બપોરે ૨:૩૦ થી ૪:૩૦ વાગ્યા સુધી ગણપત યુનિવર્સિટી, મહેસાણા ખાતે સેમિનાર હોલ નંબર ૭ ખાતે યોજાનાર છે. આ સેમીનાર ગુજરાતના ઔદ્યોગિક વિકાસ એજન્ડાને આગળ વધારવામાં એક અગત્યનુ પગલું રહેશે.

આ પહેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના મજબૂત પાયા પર આધારિત છે, જે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે, આ પહેલ શરુ કરવામા આવેલ હતી. હંમેશ માટે વાઈબ્રન્ટ ગુજરાતનું ગુજરાતને રોકાણ અને ઉદ્યોગ માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવામાં વિશેષ યોગદાન રહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ, રાજ્ય " વિકસિત ભારત @૨૦૪૭ " ના રાષ્ટ્રીય ધ્યેય સાથે સુસંગત રિજનલ કોન્ફરન્સનું આયોજન કરી રહ્યું છે. આનો ઉદ્દેશ સ્થાનિક ઔદ્યોગિક ઈકો સિસ્ટમને મજબૂત બનાવવાનો, ઘણા ક્ષેત્રોમાંથી રોકાણ આકર્ષવાનો અને વૈશ્વિક સહયોગ વધારવાનો છે. આ રિજનલ કોન્ફરન્સના ભાગરૂપે, આ "ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર" ના સેમીનારનુ આયોજન કરવામા આવ્યુ છે.

આ સેમિનારમાં સંકલિત આયોજન, સસ્ટેનિબીલીટી, સ્માર્ટ અને ગ્રીન ઔદ્યોગિક સુવિધાઓ અને સક્ષમ નીતિગત માળખા જેવા મહત્વપૂર્ણ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવામા આવશે. તે, આંતરદષ્ટિનું આદાનપ્રદાન કરવા અને શ્રેષ્ઠ પ્રથાઓને શેર કરવા માટે સરકાર, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના મુખ્ય હિસ્સેદારોને એક મંચ પર લાવશે. રિજનલ વિકાસના અર્થે ઔદ્યોગિક ક્લસ્ટરો પર એક પેનલ ચર્ચા પણ યોજાશે, જેમાં નવીનતા, માળખાગત વિસ્તરણ અને સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપવામાં ઔદ્યોગિક ઈકોસિસ્ટમની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવશે.

આ સેમિનારનું ઉદ્ઘાટન ગુજરાત સરકારના ઉદ્યોગ અને શ્રમ મંત્રીશ્રી દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં **NICDC** ના **CEO** શ્રી રજત સૈની, **IAS** અને **GIDB** ના **CEO** શ્રી પી. સ્વરૂપ, **IAS** સહિત ઉચ્ચ નિષ્ણાતો ઉપસ્થિત રહેનાર છે. તેમની સાથે અગ્રણી બહુપક્ષીય વિકાસ ભાગીદારોના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ - **GIZ** ના શ્રી રઘુ બાબુ અને છઢ્ઢમ ના શ્રી સમીર ખાતીવાડા પણ જોડાનાર છે. આ સેમિનારમાં મેસ્કોટ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય પટેલ, મારુતિ સુઝુકીના સિનિયર વીપી શ્રી સંજય બારોનિયા તથા મહિન્દ્રા લાઈફસ્પેસિસના ચીફ બિઝનેસ ઓફિસર-ઈન્ડસ્ટ્રિયલના શ્રી વિક્રમ ગોયલ, જેવા અગ્રણી વ્યક્તિઓ પણ હાજર રહેશે, જેઓ સરકાર, વિકાસ એજન્સીઓ અને ખાનગી ક્ષેત્ર વચ્ચેના ગાઢ સહયોગ પર પ્રકાશ પાડશે.

વધુ વિગતો અને રજીસ્ટ્રેશન માટે, કૃપા કરીને **https://www.vibrantgujarat.com/north-gujarat-region**ની મુલાકાત લો.

# દાહોદમાં કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાની આગેવાની હેઠળ વોટ ચોર ગાદી છોડ રેલી યોજાઈ: રેલીમાં વોટ ચોર ગાદી છોડના નારા લાગ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર





દાહોદમાં કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાની આગેવાનીમાં વોટ ચોર ગાદી છોડ ના નારા સાથે રેલી યોજાઈ હતી. ત્યારબાદ કોંગી નેતાઓએ જનસભાને પણ સંબોધીત કરી હતી.

કોંગ્રેસ દ્વારા કેન્દ્રની મોદી સરકાર પર વોટ ચોરીનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે અને દેશભરમાં કોંગ્રેસ દ્વારા વોટ ચોર ગાદી છોડના નારા સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે આજે સોમવારે દાહોદ ખાતે પણ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાની આગેવાનીમાં વોટ ચોર ગાદી છોડ રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે અમિત ચાવડા સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિક, ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, તુષાર ચૌધરી, લાલજી દેસાઈ, ભરતસિંહ સોલંકી, તેમજ મધ્ય પ્રદેશ ઝાબુઆના ધારાસભ્ય વિક્રાંત ભુરીયા સહિતના નેતાઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ રેલી ગોધરા રોડ થી શરૂ થઈને રળીયાતી ખાતેના રાધે ગાર્ડન પર પુર્ણ થઈ હતી. ત્યારબાદ કોંગી નેતાઓએ જનસભાને સંબોધીત કરી હતી. જેમાં ભાજપ સરકાર પર શાબ્દિક પ્રહારો કર્યા હતા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ ખાતે ભારતીય વાયુ સેનાની ૯૩મી વર્ષગાંઠની ગરિમામય ઉજવણી સંપન્ન

### વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ઓપરેશન સિંદૂરમાં ભારતીય વાયુ સેનાએ અપ્રતિમ સાહસ અને પરાક્રમનો પરિચય વિશ્વને આપ્યો છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર સ્થિત સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ ખાતે ભારતીય વાયુ સેનાના ૯૩મી વર્ષગાંઠની ગરિમામય ઉજવણી કરવામાં આવી હતી.





મુખ્યમંત્રીશ્રીએ આ કમાન્ડના વાયુ સૌનિકો સહિત એરફોર્સ પરિવારને ૯૩મી વર્ષગાંઠની શુભેચ્છાઓ પાઠવતા કહ્યુ કે, ભારતીય વાયુ સેનાએ હંમેશા દેશનું ગૌરવ વધાર્યુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય વાયુ સેનાનો પાછલો એક દાયકો સ્વર્ણિમ દાયકો બન્યો છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતુ.તેમણે તાજેતરના ભૂતકાળમાં ઓપરેશન સિંદૂરથી વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ભારતીય વાયુ સેનાએ પોતાની કાર્યકુશળતા અને દક્ષતાથી જે અપ્રતિમ સાહસ તથા પરાક્રમનો પરિચય વિશ્વને આપ્યો છે તેનું પ્રત્યેક ભારતીય ગૌરવ લઈ શકે તેમ છે તેમ તેમણે જણાવ્યું હતુ.મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, ઈન્ડિયન એરફોર્સના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાએ સફળતાપૂર્વક અંતરિક્ષ મિશન પૂર્ણ કરીને જે મોટો કિર્તિમાન સ્થાપ્યો છે તે વાયુ સેનાની આ ૯૩મી વર્ષગાંઠને વિશેષ ગૌરવ અપાવનારી ઘટના છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ વાયુ સીમાની સુરક્ષા સાથો સાથ સામાજિક દાયિત્વમાં પણ યોગદાન આપી રહ્યુ છે તેને બિરદાવતા જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલા સ્વચ્છ ભારત અભિયાન, એક પેડ મા કે નામ, ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જેવા સામાજિક અભિયાનમાં 'સ્વાક' સક્રિય ભાગીદાર રહ્યુ છે. તેમણે વાયુસેના પરિવારની મહિલાઓ દ્વારા સંચાલિત 'સંગીની' સંગઠનની સામાજિક અને કલ્યાણકારી કાર્યોની પહેલની પણ પ્રશંસા કરી હતી.

સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ઓફિસર કમાંન્ડિંગ ઈન ચીફ એર માર્શલ શ્રી નગેશ કપૂરે સ્વાગત પ્રવચનથી મુખ્યમંત્રીશ્રીને આવકાર્યા હતા અને એરફોર્સ વર્ષગાંઠ ઉજવણીની ભૂમિકા આપી હતી.

મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી, સિનિયર એર સ્ટાફ ઓફિસર શ્રી એસ. શ્રીનિવાસ સહિત વાયુ સેનાના અધિકારીઓ, વાયુ સૈનિકો અને તેમના પરિવાર જનો આ ઉજવણીમાં સહભાગી થયા હતા. એરફોર્સ બેન્ડની કર્ણપ્રિય સૂરાવલિઓથી આ ઉજવણી વધુ શૌર્યસભર બની હતી.

# રાજકોટ ખાતે આવેલી મે. ગુજરાત ફૂડ્સમાંથી અંદાજે રૂ. ૪ લાખની કિંમતનો ૧,૩૦૦ કિ.ગ્રા. પનીરનો જથ્થો નાશ કરાયો

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા રૈયા, રાજકોટ ખાતે આવેલી મે. ગુજરાત ફૂડ્સ **(License No: ૧૦૭૨૩૦૩૦૦૦૦૦૫૪)**નું આકસ્મિક ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ ઈન્સ્પેક્શન દરમિયાન પનીરમાં પામોલિન તેલની ભેળસેળની પ્રબળ શંકા તથા સ્થળની અનહાયજેનિક પરિસ્થિતિમાં પનીર બનતું હોવાનું માલુમ પડ્યું હતું. જેથી સ્થળ પરથી તંત્ર દ્વારા પનીરનો એક નમૂનો લઈને લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલવામાં આવ્યો હતો, જ્યારે બાકીનો અંદાજે રૂ. ૪ લાખની કિંમતનો ૧,૩૦૦ કિ.ગ્રા. જેટલા ઉત્પાદિત પનીરનો નાશ કરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત હાજર માલિકને જગ્યા પર ચોખ્ખાઈ રાખવા અને **Schedule-IV** નું પાલન કરવા જણાવીને તે માટે ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ પણ આપવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર રાજ્યનાં નાગરિકોને શુદ્ધ અને સલામત આહાર મળી રહે તે માટે કટિબદ્ધ છે. જે અંતર્ગત રાજ્યમાં ભેળસેળયુક્ત કે ડુપ્લીકેટ ખોરાક બનાવનાર ઈસમો વિરૂદ્ધ તંત્ર દ્વારા કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેથી નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનાર અને ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ભેળસેળિયા ઈસમોમાં ફફડાટ ફેલાઈ ગયો છે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની યાદીમાં જણાવાયું છે. - જીગર બારોટ

# તાલીબાની સજાના મામલે એસીપીના આદેશ પર સગીરના જીવતા વાળ ખેંચી માર માર્યાની ફરીયાદ: પોતાની જાતને મહાન સમજનાર બે પોલીસ કોન્સ્ટેબલોની કરાઈ બદલી

પ્રતિનિધિ,ગાંધીનગર



રાજકોટમાં હેર સ્ટાઈલ કરીને આવેલ સગીરને માર મારવાનો આદેશ એસીપીએ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તને મારવો જ પડશે તેવુ પોલીસે કહ્યુ અને ફરીયાદમાં એસીપી ,પીઆઈ અને પીએસઆઈ સહિત કોન્સ્ટેબલોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં પોલીસ કમિશ્નરે બે કોન્સ્ટેબલોની બદલી કરી દીધી છે. પ્રદિપ ડાંગર અને સહદેવસિંહ જાડેજાની ટ્રાફીક શાખામાં બદલી કરવામાં આવી છે, ગાંધીગ્રામ પોલીસ મથકમાં સફાઈ કામદારે બાળ આરોપીના માથામાંથી વાળ ખેંચી અમાનુષી સજા કરતો હોવાનો વિડીયો વાયરલ થતા ચકચાર મચી જવા પામી છે. બનાવને પગલે પોલીસ કમિશ્નરે તપાસના આદેશ કર્યા છે અને ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરજ બજાવતા બે કોન્સ્ટેબલોની તત્કાલ બદલીનો હુકમ કર્યો હતો. તેમજ વાળ ખેંચનાર સફાઈ કામદાર વિરૂધ્ધ ગુન્હો નોંધવાની કાર્યવાહી શરૂ કરી બનાવમાં તપાસ કરનાર એસીપીએ જણાવ્યુ હતુ કે તપાસ બાદ બનાવમાં સામેલ સામે આકરા પગલા લેવામાં આવશે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ બ્રહ્મ સમાજ ચોકમાં મજાક કરવાના મામલે ઝઘડો થતા યુવકને છરીના ઘા ઝીંકવાના બનાવમાં ગાંધીગ્રામ પોલીસે ગુન્હો નોંધી ચાર બાળ આરોપી સહિત પાંચની ધરપકડ કરી હતી. જે બનાવમાં પોલીસ મથકમાં બાળ આરોપીને વાળ ખેંચી અમાનુષી સજા કરતો સફાઈ કામદારનો વિડીયો વાયરલ થયો હતો. જે વિડીયોમાં પોલીસ મથકનો સફાઈ કામદાર શૈલેષ બાંકડા પર બેસી અને બાળ આરોપીને નીચે બેસાડી તેના માથામાંથી વાળ ખેંચી બાજુમાં રાખેલ ડસ્ટબીનમાં નાખતો હતો. તેમજ મુળમાંથી વાળ ખેંચતી વેળાએ બાળ આરોપી મને છોડી દયો કહી બે હાથ જોડી આજીજી કરી રહ્યો હોય અને કહેતો હતો કે વાળ કાપવા હોય તો કાતરથી કાપી નાખો,


જેમાં વિડીયો ઉતારનાર કહે છે કે આગળથી સરખા નથી થયા, આગળ ખેંચ જેથી સફાઈ કામદારે જોરશોરથી વાળ ખેંચતો હોવાનુ બહાર આવ્યુ છે. બનાવમાં પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા એ તપાસના આદેશ કર્યા હતા. તેમજ વિડીયો ઉતારનાર ગાંધીગ્રામ પોલીસ મથકના કોન્સ્ટેબલ પ્રદિપ ડાંગરને હેડ કવાર્ટર અને તેની સાથે રહેલા સહદેવસિંહ જાડેજાને ટ્રાફીક શાખામાં તત્કાલ બદલી કરવામાં આવી છે. તેમજ બાળ આરોપીના પરીવારને ફરીયાદ નોંધાવવા બોલાવ્યા હતા. દરમિયાન બનાવની તપાસ એસીપી ભારાઈને સોંપવામાં આવી હતી. અમાનુષી કૃત્ય ના બનાવમાં પોલીસ અધિકારી કે કર્મચારી સામેલ હોવાનુ બહાર આવશે તો તેને સામે તપાસ બાદ આકરા પગલા લેવામાં આવશે તેવુ એસીપીએ જણાવ્યુ હતું.

# સુરતમાં હીરાના વેપારીઓ સાથે ૪.૮૦ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં ઓનલાઈન છેતરપિંડીના અનેક બનાવો સામે આવી રહ્યાં છે. અમેરિકા દ્વારા લગાવવામાં આવેલા તોતિંગ ટેરિફ બાદ હીરા માર્કેટની હાલત કફોડી બની છે. ભારે મંદીમાં ચાલી રહેલા હીરા માર્કેટમાં રત્ન કલાકારો પણ બેરોજગાર બન્યાં છે. તેવામાં હીરાના વેપારીઓ સાથે ૪.૮૦ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. વેપારીઓએ સુરત ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરતમાં હીરાના ૬ વેપારીઓ પાસેથી ઠગબાજોએ પોર્ટલ દ્વારા હીરાનો મોટો જથ્થો દુબઈ મંગાવ્યો હતો. વેપારીઓએ વિશ્વાસ રાખીને આ જથ્થો દુબઈ મોકલ્યો હતો.




RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# વિકસિત ભારતનો અમૃતકાળઃ સેવા, સુશાસન, ગરીબ કલ્યાણના ૨૪ વર્ષ

૭ ઓક્ટોબર, ૨૦૦૧ એ ભારતના રાજકારણના ઈતિહાસમાં મહત્વપૂર્ણ દિવસ હતો, જ્યારે શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. સંઘના સ્વયંસેવકથી લઈને ભાજપના સંગઠનના કાર્યકર સુધીની સફર બાદ, ૫૧ વર્ષની ઉંમરે તેમણે પ્રથમ વખત રાજ્યનું સુકાન સંભાળ્યું. વિનાશક ભૂકંપ, મંદી અને અશાંતિમાં ઘેરાયેલું ગુજરાત તેમને વારસામાં મળ્યું, પરંતુ થોડાં જ મહિનાઓમાં તેમની વહીવટી કુશળતા, દૃઢ નેતૃત્વ અને દૂરંદેશીપૂર્ણ વિચારસરણીના પરિણામે ગુજરાતમાં પરિવર્તનની શરૂઆત થઈ.

શ્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે રાજ્યના સર્વાંગી વિકાસ માટે સુશાસન, પારદર્શિતા અને જવાબદારીના સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને શાસનનું નવું મોડલ વિકસાવ્યું. પંચામૃત દર્શન — જનશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, ઊર્જાશક્તિ અને રક્ષાશક્તિ — પર આધારિત વિકાસમોડલ દ્વારા તેમણે ગુજરાતને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે ''વાઈબ્રન્ટ સ્ટેટ'' તરીકે સ્થાપિત કર્યું. 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ', 'સ્વાગત' ઓનલાઈન ફરિયાદ નિવારણ પ્લેટફોર્મ, 'શાળા પ્રવેશોત્સવ', 'કન્યા કેળવણી રથયાત્રા', 'કૃષિ મહોત્સવ', 'ખેલ મહાકુંભ' જેવી પહેલોએ લોકોમાં વિકાસ માટેની ભાગીદારીની ભાવના ઊભી કરી. વર્ષ ૨૦૧૪માં ભારતના વડાપ્રધાન બન્યા બાદ શ્રી મોદીએ ગુજરાત મોડલને રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કર્યું. ''સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ''ના સૂત્ર સાથે તેમણે સમાવેશી વિકાસ અને આત્મનિર્ભર ભારતનું વિઝન રજૂ કર્યું. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સ્વચ્છ ભારત અભિયાન, નલ સે જલ અને ખેલો ઈન્ડિયા જેવી યોજનાઓ તેમની લોકકેન્દ્રિત દૃષ્ટિની સાક્ષી છે.

ભારતે વર્ષ ૨૦૨૩માં જી-૨૦ દેશોની અધ્યક્ષતા કરી, જે તેની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનું પ્રતિબિંબ છે. વડાપ્રધાન તરીકેના છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતે વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે સ્થાન મેળવ્યું છે. સંરક્ષણ, ઉડ્ડયન, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલવે અને બંદરોનો વિકાસ, વગેરે ક્ષેત્રોમાં અવિરત પ્રગતિ થઈ છે. વૈશ્વિક સ્તરે 'વેક્સીન મૈત્રી' અને 'ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ' જેવી પહેલોથી ભારતની કૂટનીતિને નવી ઓળખ મળી છે. ઉરી સર્જિકલ સ્ટ્રાઈક, પુલવામા એર સ્ટ્રાઈક અને પહેલગામ હુમલાના વળતા જવાબ તરીકે ઓપરેશન સિંદૂર ચલાવીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશના સૈન્યની તાકાતનો પરચો સમગ્ર વિશ્વને આપ્યો છે.

શ્રી નરેન્દ્ર મોદીએ ૧૩ વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી અને ત્યારબાદ વડાપ્રધાન તરીકેના ૧૧ વર્ષના નેતૃત્વથી વિકાસવાદી રાજકારણને નવો અર્થ આપ્યો છે. ૨૪ વર્ષની આ યાત્રા ભારતના આત્મવિશ્વાસ, પ્રગતિ અને વૈશ્વિક નેતૃત્વના નવા યુગનું પ્રતીક બની છે. પ્રસ્તુત છે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે કરેલા કાર્યો અને વિવિધ ક્ષેત્રોમાં શરૂ કરેલી યોજનાઓ અને કાર્યક્રમોની એક ઝલકઃ

### ગુજરાતને મળેલી મોટી ભેટ

- કેન્દ્રીય શહેરી બાબતોના મંત્રાલય હેઠળ લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે ગુજરાતના રાજકોટ શહેરની પસંદગી, આ પ્રોજેક્ટ હેઠળ રાજકોટમાં ૧૧૪૪ આવાસોનું નિર્માણ.
- ગિફ્ટ સિટીમાં ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર ઓથોરિટી (IFSCA) ના મુખ્યાલયની ઈમારતનો શિલાન્યાસ.
- GIFT સિટી ખાતે ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX)
- ભરૂચમાં બલ્ક ડ્રગ પાર્કનો શિલાન્યાસ.
- નવસારીમાં PM મિત્ર પાર્ક (ટેક્સટાઈલ પાર્ક)નો શિલાન્યાસ.
- ગુજરાતમાં ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટનો શિલાન્યાસ.
- અમદાવાદ ખાતે વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નિર્માણ.
- દાહોદ ખાતે 'મેક ઈન ઈન્ડિયા'ના અભિગમ સાથે ૨૦ હજાર કરોડના ખર્ચે રેલવે પ્રોડક્શન યુનિટનું લોકાર્પણ.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ મે ૨૦૨૫માં ૯૦૦૦ HPનું પ્રથમ લોકોમોટિવ એન્જિન દેશને સમર્પિત કર્યું.
- ગુજરાત સરકારના વિવિધ વિભાગો હેઠળ રાજ્યની જનતા માટે ૩૩,૬૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ અને ખાતમુહૂર્ત.

### શિક્ષણના સથવારે સર્વાંગી વિકાસ

- શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા અને ગુણોત્સવ જેવાં અભિયાનો થકી શાળાઓમાં બાળકોનું ઐતિહાસિક નામાંકન
- શ્રી નરેન્દ્ર મોદીએ પોતાને મળેલી ભેટ-સોગાદોની હરાજી કરાવીને તેમાંથી મળેલી રકમ કન્યાઓના શિક્ષણ ભંડોળમાં દાનમાં આપી
- કન્યા કેળવણી યોજનાને ઉત્તેજન આપવા માટે વર્ષ ૨૦૦૭માં કન્યા કેળવણી નિધિ યોજનાની જાહેરાત.
- રાજ્યમાં દેશનું પ્રથમ વિશ્વ સ્તરીય કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું.
- વર્ષ ૨૦૦૨માં રાજ્યમાં ધોરણ ૧ થી ૮ નો સ્કૂલ ડ્રોપઆઉટ રેટ ૩૭.૨૨ ટકા હતો, જે આજે ૨.૪૨ ટકા થયો
- ૨૪ વર્ષ પહેલાં રાજ્યમાં ૨૧ યુનિવર્સિટી કાર્યરત હતી, જ્યારે હાલમાં ૧૦૮ યુનિવર્સિટી કાર્યરત.
- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી દ્વારા ગુજરાતની યુવા પ્રતિભાઓના ઈનોવેશનને નાણાકીય સહાય અને યોગ્ય પ્લેટફોર્મ
- સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓની સ્થાપનાઃ ચિલ્ડ્રન યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, બાયોટેક્નોલોજી યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી (વડોદરા), ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન (IITE), ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી.
- ૨૦૨૦ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા ૩૦ વર્ષ બાદ ભારતની શિક્ષણ વ્યવસ્થામાં સુધારો
- પીએમ શ્રી યોજના હેઠળ શાળાઓનું નવીનીકરણ અને વિકાસ
- તબીબી શિક્ષણમાં OBC અને EWS અનામત બેઠકો, ઉચ્ચ શિક્ષણમાં EWS અનામત ૧૦ ટકા

### ઊર્જાક્રાંતિ

- એક સમયે વીજળીની અછત સામે ઝઝૂમી રહેલું ગુજરાત આજે એનર્જી સરપ્લસ રાજ્ય
- વર્ષ ૨૦૧૨માં દેશનો પ્રથમ સોલાર પાવર પ્લાન્ટ ચારણકામાં શરૂ
- કચ્છ ખાતે વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક નિર્માણાધીન
- જ્યોતિગ્રામ યોજનાના માધ્યમથી રાજ્યના તમામ ૧૮ હજારથી વધુ ગામોમાં વીજળી, ગામોને ૨૪ કલાક થ્રી- ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવ્યો
- સપ્ટેમ્બર ૨૦૨૪માં રાજ્યમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય રિન્યુએબલ એનર્જી સમિટ (RE-INVEST)નું આયોજન
- સૌભાગ્ય યોજના હેઠળ વીજજોડાણો આપવામાં આવ્યા
- મહેસાણાના મોઢેરા, ખેડાના સુખી અને બનાસકાંઠાના મસાલી બાદ કચ્છનું ધોરડો રાજ્યનું ચોથું સોલાર વિલેજ જાહેર
- વર્ષ ૨૦૦૧-૦૨માં રાજ્યની સ્થાપિત ક્ષમતા ૮૭૫૦ MW, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૫૫૧૩૮ MW





- વર્ષ ૨૦૦૧-૦૨માં રાજ્યમાં વીજ ઉત્પાદન ૫૦૦૬૯ મિલિયન યુનિટ, વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૫૬૪૯૫ મિલિયન યુનિટ
- પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના અંતર્ગત અત્યારસુધી ૪૩.૧૦ લાખથી વધુ લાભાર્થીઓને એલપીજી જોડાણ
- વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં સોલાર રૂફટોપના લાભાર્થીઓને ૭૧૫.૯૪ કરોડ રૂપિયાની સબસિડી
- પીએમ સૂર્યઘર મફત વીજળી યોજના અંતર્ગત સોલાર રૂફટોપ લાભાર્થીઓને વર્ષ ૨૦૨૪-૨૫માં ?૧૧૮૧ કરોડની સબસિડી
- PNG/LPG સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૬ લાખથી વધુ લાભાર્થીઓને લાભ
- ખેડૂતોનું હિત સુનિશ્ચિત, ખેતરે ખેતરે હરિયાળી
- કૃષિ ક્ષેત્રે આઈ-ખેડૂત પોર્ટલ, કૃષિ મહોત્સવ કાર્યક્રમ, શૂન્ય ટકાના વ્યાજદરે ખેડૂતોને લોન, ટેકાના ભાવે કૃષિ ઉત્પાદનોની ખરીદી, સોઈલ હેલ્થ કાર્ડ જેવી યોજનાઓને અમલી કરી
- ૨૧ કૃષિ મહોત્સવ દ્વારા ૨.૨૫ કરોડથી વધુ ખેડૂતોને માર્ગદર્શન
- સિંચાઈની સુવિધાઓ માટે નર્મદા નહેર, સુજલામ્ સુફલામ્ યોજના અને સૌની યોજના, ટપક સિંચાઈ અને ફુવારા સિંચાઈ પદ્ધતિ જેવી યોજનાઓ
- પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોને વાર્ષિક ?૬૦૦૦ની સહાય
- છેલ્લા ૨૪ વર્ષોમાં ૬૯,૦૦૦ કિમી લાંબા કેનાલ નેટવર્કનું નિર્માણ
- કિસાન સમૃદ્ધિ કેન્દ્રો વન સ્ટોપ તરીકે વિકસિત, ખેડૂતોને ઘરઆંગણે આધુનિક સુવિધાઓ-માહિતી ઉપલબ્ધ
- ત્રિભુવનદાસ પટેલ યુનિવર્સિટી ભારતની પ્રથમ સહકારી યુનિવર્સિટી તરીકે સ્થાપિત થશે
- એમએસપી પર ખરીદીમાં દેશમાં કઠોળમાં ૭૩૫૦% અને તેલીબિયાંમાં ૧૫૦૦%નો વધારો

### પાણીનું પાણીદાર આયોજન

- વર્ષ ૨૦૦૪માં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ૧૪ મોટી પાઈપલાઈન દ્વારા ઉત્તર ગુજરાત અને છેક ભારત-પાકિસ્તાન બોર્ડર સુધી મા નર્મદાના પાણી પહોંચ્યા
- આજે સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત ૧.૦૩ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા, ૪૦૦ ગામડાને લાભ
- પ્રથમવાર વડાપ્રધાન બન્યાના ૧૭ જ દિવસમાં સરદાર સરોવર ડેમને પૂર્ણ ઊંચાઈ સુધી લઈ જવા તેમજ તેના પર દરવાજા લગાવવાની મંજૂરી
- આજે નર્મદાના નીર દરેક ઘર અને ખેતર સુધી પહોંચ્યા, ટેંકર રાજનો અંત
- નર્મદા પરિયોજનાથી વાર્ષિક ૧૮.૩૧ લાખ હેક્ટર વિસ્તારથી વધુમાં સિંચાઈ સુવિધા, ૧૦૪૫૩ ગામો, ૧૯૦ શહેરો અને સાત મહાનગરપાલિકાઓમાં પીવાના પાણીની સુવિધા
- સૌની (SAUNI) યોજના થકી સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં પાણી પહોંચ્યા, સૌરાષ્ટ્રના ૧૧૫ ચેકડેમ્સમાં નર્મદાના પાણી
- સૂક્ષ્મ સિંચાઈ યોજનાથી ૧૫.૩૫ લાખથી વધુ ખેડૂતોને લાભ
- રાજ્યનો ૨૩.૮૩ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ
- રાજ્યના ૧૫૫૬૦ ગામડાઓ અને ૨૩૮ શહેરોમાં પીવાના પાણીનો પુરવઠો સુનિશ્ચિત
- ગુજરાતના વલસાડ જિલ્લામાં એસ્ટોલ પ્રોજેક્ટ રાજ્યની જનતાને સમર્પિત
- એસ્ટોલ પ્રોજેક્ટ થકી વલસાડ જિલ્લાના પહાડી વિસ્તારોના ૧૭૪ ગામડાઓ અને ૧૦૨૮ ફળિયાઓમાં રહેનારા ૪.૫૦ લાખ લોકોને પાણી પહોંચ્યા
- સર્વ માટે વાજબી, સુલભ આરોગ્ય સેવાઓ
- સગર્ભા અને ધાત્રી માતાઓ, બાળકોને ઘરે જ પોષણયુક્ત આહાર માટે રાશન પહોંચાડવાનું શરૂ કર્યું
- રાજ્યની આંગણવાડીઓમાં મહિલાઓને પોષણયુક્ત આહાર પહોંચાડવાની શરૂઆત
- રાજ્યની કિશોરીઓને આયર્નની ગોળીઓ આપવાની શરૂઆત
- વર્ષ ૨૦૦૧-૦૨માં રાજ્યમાં આંગણવાડીની સંખ્યા ૫૯૯૫ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૫૩૦૬૫ થઈ
- હોસ્પિટલોમાં ઈન્સ્ટિટ્યૂશનલ ડિલિવરી દર ૯૯.૫ ટકાએ પહોંચ્યો
- વિશ્વનું પ્રથમ 'ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન' ગુજરાતના જામનગરમાં નિર્માણાધીન.
- ગુજરાતના રાજકોટમાં અદ્યતન સુવિધાઓ ધરાવતી AIIMS હોસ્પિટલ કાર્યરત
- વર્ષ ૨૦૦૭માં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ
- ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા દ્વારા અત્યાર સુધી ૧.૩ કરોડ ઈમરજન્સી કેસ અટેન્ડ કરવામાં આવ્યા
- ગુજરાત મોબાઈલ ફૂડ ટેસ્ટિંગ વાન શરૂ કરનારું દેશનું પહેલું રાજ્ય
- કોવિડ-૧૯ મહામારી દરમિયાન સઘન રસીકરણ અભિયાન ચલાવ્યું, સમગ્ર ભારતમાં ૨૨૦ કરોડથી વધુ રસીના ડોઝ
- ગુજરાતમાં યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને એમ એન્ડ જે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપ્થેલ્મોલોજી જેવી પ્રસિદ્ધ હોસ્પિટલોનું નિર્માણ
- છેલ્લા ૨૪ વર્ષોમાં રાજ્યમાં મેડિકલ કોલેજોની સંખ્યા ૮ (૨૦૦૧-૦૨) થી વધીને ૪૧ (૨૦૨૪-૨૫) થઈ
- એમબીબીએસની બેઠકો ૧૩૭૫ (૨૦૦૧-૦૨)થી વધીને ૭૨૫૦ (૨૦૨૪-૨૫) થઈ
- મોતિયા અંધત્વ મુક્ત ગુજરાત ઝુંબેશનું 'ગુજરાત મોડલ' કેન્દ્ર સરકારે અપનાવ્યું
- આભા (ABHA) સમગ્ર એબીડીએમ નેટવર્કમાં ડિજિટલ આરોગ્ય સેવાઓને સક્ષમ બનાવીને સારવારમાં સગવડ અને પારદર્શિતા સુનિશ્ચિત કરે છે.
- જન ઔષધિ કેન્દ્રોથી નાગરિકોને પરવડે તેવી દવાઓની સુવિધા.
- મિશન ઈન્દ્રધનુષ દ્વારા બાળકો અને સગર્ભા મહિલાઓને ૧૨ રોગો સામે લડવા રસી આપવામાં આવે છે

### વંચિતો વિકાસની વાટે

- વર્ષ ૨૦૦૯માં ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ, અત્યારસુધીમાં રાજ્યમાં ૧૪ ગરીબ કલ્યાણ મેળાઓના આયોજન થકી ૧.૯૧ કરોડ નાગરિકોને લાભ
- આદિજાતિ બાંધવોના કલ્યાણ અને વિકાસ માટે વર્ષ ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજનાની શરૂઆત
- સાગરકાંઠાના ગરીબ સાગરખેડુઓના કલ્યાણ અને વિકાસ અર્થે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજનાનો પ્રારંભ
- ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૨માં રાજ્યભરના ગામડાઓમાંથી ઉચ્ચ અભ્યાસ અર્થે શહેરોમાં આવતા જીઝ, જી,ઁઝઅને ઈઝવર્ગના જરૂરિયાતમંદ હોશિયાર અને મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓને શહેરોમાં વિનામૂલ્યે રહેવા, જમવા અને અન્ય તમામ સુવિધાઓ મળી રહે તેમજ આધુનિક અને વાત્સલ્યસભર વાતાવરણમાં જાતિ-જ્ઞાતિના બંધનોથી પર થઈને વિદ્યા પ્રાપ્તિ કરી શકે તે માટે એક આદર્શ અને અદ્યતન સુવિધાયુકત ''સમરસ છાત્રાલયો"નું નિર્માણ
- ભારતમાં સૌપ્રથમ ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬થી સિકલસેલ એનીમિયા કંટ્રોલ પ્રોગ્રામની શરૂઆત.
- આદિજાતિ ક્ષેત્રોના વિદ્યાર્થીઓ માટે પંચમહાલ જિલ્લામાં શ્રી ગોવિંદગુરુ સિંહ યુનિવર્સિટી અને નર્મદા જિલ્લામાં બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીની સ્થાપના
- આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે મેડિકલ કોલેજ, નર્સિંગ સ્કૂલ તેમજ નર્સિંગ હોસ્ટેલની સ્થાપના.
- જનજાતીય ગૌરવ દિવસ દ્વારા આદિવાસી નાયક બિરસા મુંડાનું સન્માન

### ઔદ્યોગિક ઉત્થાન લાવ્યું સમૃદ્ધિ અપાર

- ૨૦૦૩માં SEZ અને ઈન્ડસ્ટ્રિયલ પાર્કના નિર્માણ માટે વટહુકમ બહાર પાડવામાં આવ્યો
- વર્ષ ૨૦૦૩માં આંતરરાષ્ટ્રીય સ્તરની 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'ની શરૂઆત
- વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યમાં ૪૪.૪૨ બિલિયન યુએસ ડૉલરનું FDI પ્રાપ્ત થયું
- ગુજરાતમાં મહિલા ઉદ્યોગ સાહસિકો માટે અલગ GIDC (ઔદ્યોગિક વિસ્તારો)ની શરૂઆત
- વર્ષ ૨૦૦૮માં ગુજરાતમાં ટાટા નેનોના પ્લાન્ટને મંજૂરી, આજે મારૂતિ, ફોર્ડ, હોન્ડા જેવી કંપનીઓની હાજરી સાથે ગુજરાત દેશનું ઓટોમોબાઈલ હબ
- રાજ્યની રાજધાની ગાંધીનગરમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ ટેક-સિટી (GIFT સિટી)ની સ્થાપના
- ગુજરાતમાં ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન, માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન, પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટેન્ટ રિજન (PCPIR) કાર્યરત
- ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય, જ્યાં ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે
- ભારતે વર્ષ ૨૦૨૩માં પ્રથમ વખત ૨૨૦ દેશોની અધ્યક્ષતા કરી, જે અંતર્ગત ગુજરાતમાં ૧૮ બેઠકોનું સફળતાપૂર્વક આયોજન
- ગુજરાત આજે દેશનું ૪૦ ટકા કાર્ગો હેન્ડલ કરે છે. રાજ્યમાં ૪૮ નોન મેજર અને ૧ મેજર પોર્ટ એમ કુલ ૪૯ બંદરો કાર્યરત.
- વડોદરામાં ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (TASL) કેમ્પસ ખાતે C-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન
- પ્રવાસનને નવી પાંખો
- વર્ષ ૨૦૦૫માં 'રણોત્સવ' ની શરૂઆત. ફક્ત ત્રણ દિવસીય કાર્યક્રમ તરીકે શરૂ થયેલ રણોત્સવ આજે ૪ મહિનાના લાંબા કાર્યક્રમમાં પરિણમ્યો
- યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા કચ્છનું ધોરડો ગામ ''બેસ્ટ ટુરિઝમ વિલેજ'' જાહેર
- પાટણની રાણકી વાવ, ધોળાવીરા, અમદાવાદ શહેર અને ચાંપાનેરનો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ્સની યાદીમાં સમાવેશ
- વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવના આયોજન થકી ગુજરાતની નવરાત્રિ અને તેના ગરબાને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ
- યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને ''અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર'' ની યાદીમાં સ્થાન
- ઉત્તરાયણના તહેવાર પ્રત્યે દેશ-વિદેશના લોકોને આકર્ષિત કરવા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની શરૂઆત
- વર્ષ ૨૦૦૯માં કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ
- વડનગરની ગાયિકા બહેનોની સ્મૃતિમાં દર વર્ષે તાનારીરી મહોત્સવ તેમજ ભારતીય નૃત્ય સંસ્કૃતિને ઉજાગર કરવા મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ કાર્યક્રમની શરૂઆત
- ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર ઊંચાઈ ધરાવતી, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ
- પાવાગઢ ખાતે મહાકાળી માતાના નવનિર્મિત મંદિરના શિખર પર ૫૦૦ વર્ષ બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ધ્વજારોહણ કર્યું
- ૬૧ કરોડથી વધુના ખર્ચે અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથનો વિકાસ.
- 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમનું આયોજન.
- ઓક્ટોબર ૨૦૨૦માં જૂનાગઢ ખાતે એશિયાના સૌથી મોટા ગિરનાર રોપ-વેનું લોકાર્પણ
- ૧૨૦૦ કરોડના ખર્ચે સાબરમતી ગાંધી આશ્રમનો પુનઃવિકાસ કરવાનું આયોજન
- ૨૬ જાન્યુઆરી ૨૦૦૧માં આવેલા ભૂકંપનો ભોગ બનેલા નાગરિકોની યાદમાં કચ્છમાં સ્મૃતિવનનું નિર્માણ
- કચ્છના ભૂકંપમાં અંજાર શહેરમાં દટાઈ ગયેલા બાળકો અને શિક્ષકોની સ્મૃતિમાં અંજાર શહેરની બહાર વીર બાળ સ્મારકનું નિર્માણ
- વર્ષ ૨૦૨૦માં શિવરાજપુર બીચને બ્લૂ ફ્લેગ બીચ તરીકે માન્યતા મળી
- નડાબેટ સીમાદર્શન પ્રોજેક્ટ દ્વારા બોર્ડર ટુરિઝમનો વિકાસ
- UNESCO™k Prix Versailles એવોર્ડ અંતર્ગત ભુજનું સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સામેલ
- વડનગર ખાતે ૧૩,૫૨૫ ચોમી વિસ્તારમાં ભારતના પ્રથમ આર્કિયોલોજિકલ એક્સપિરિયન્શિયલ મ્યુઝિયમનું નિર્માણ
- ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આવી ગતિ, નાગરિક સુવિધામાં પ્રગતિ
- ૨૦૦૩માં SWAGAT (સ્વાગત – સ્ટેટ વાઈડ અટેન્શન ઓન ગ્રીવાન્સ બાય એપ્લિકેશન ઓફ ટેક્નોલોજી) કાર્યક્રમની શરૂઆત
- GSWAN દ્વારા રાજ્યના તમામ ૩૩ જિલ્લા અને ૨૪૮ તાલુકાઓમાં જોડાણ, ૬ હજારથી વધુ સરકારી વિભાગો વચ્ચે ડિજિટલ કમ્યુનિકેશનની સુવિધા
- ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં કનેક્ટિવિટી માટે પ્રગતિપથ, શહેરી વિકાસ વર્ષ અંતર્ગત વિકાસપથ, રાજ્યના પ્રવાસન સ્થળોને કનેક્ટિવિટી આપવા માટે પ્રવાસીપથ, અને ગામડાના ખેડૂતો માટે શહેરી વિસ્તારો સુધી કનેક્ટિવિટી આપવા માટે કિસાનપથ યોજનાની શરૂઆત.
- ભારત સરકાર દ્વારા જૂન ૨૦૧૫માં જાહેર થયેલા સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ગુજરાતમાંથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, દાહોદ એમ ૬ શહેરોની પસંદગી, ૧૧ હજાર કરોડથી વધુના ૩૪૮ પ્રોજેક્ટ પૂર્ણ.
- વર્ષ ૨૦૧૭માં ગુજરાતને બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ભેટ
- અમદાવાદ મેટ્રો ફેઝ-૧નું સપ્ટેમ્બર ૨૦૨૨માં, જ્યારે અમદાવાદ મેટ્રો ફેઝ-૨નું ૨૦૨૪માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ
- સપ્ટેમ્બર, ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતને પ્રથમ વંદે ભારત ટ્રેનની ભેટ આપી, આજે રાજ્યમાં ૫ વંદે ભારત ટ્રેનની સુવિધા.
- રાજકોટ ખાતે હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઓખા અને બેટ-દ્વારકાને જોડતા નવનિર્મિત સુદર્શન સેતુનું લોકાર્પણ
- સુરત ખાતે ગુજરાતનું ત્રીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત
- સ્ટેચ્યૂ ઑફ યુનિટી પહોંચવું પ્રવાસીઓ માટે સરળ બને તે માટે કેવડિયા રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન
- જુલાઈ ૨૦૨૨માં તારંગા હિલથી અંબાજી આબુ રોડના ૧૧૬.૬૫ કિમી લાંબા રેલવે લાઈન પ્રોજેક્ટને મંજૂરી
- સાબરમતી નદી પર આઈકોનિક અટલ ફૂટ ઓવરબ્રિજનું નિર્માણ
- ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને દર્શાવવા માટે ૩૫૦૦ કરોડના ખર્ચે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) નિર્માણાધીન.
- ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં વિશ્વ સ્તરીય મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટરનું નિર્માણ
- ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં રેલવે સ્ટેશનનો અત્યાધુનિક વિકાસ કરવામાં આવ્યો.
- આ રેલવે સ્ટેશનની ઉપર જ ગુજરાત આવતા પ્રવાસીઓની સુવિધા માટે ફાઈવ સ્ટાર હોટલ 'ધ લીલા'નું પણ નિર્માણ કરવામાં આવ્યું.
- સમગ્ર દેશમાં ઉડાન યોજના હેઠળ ૧૦ વર્ષમાં ૮૫ નવા હવાઈ મથકોનું નિર્માણ અને ૮૮ સ્થળોનું જોડાણ

### નારી શક્તિને મળી નવી પાંખ

- મહિલા અને બાળ કલ્યાણ માટેના અલાયદા વિભાગની રચના
- નારી ગૌરવ નીતિનું ગઠન કરનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય
- મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે સખીમંડળોની રચના.
- દેશમાં સૌપ્રથમ ચિરંજીવી યોજના ગુજરાતમાં અમલી, જે હેઠલ માતાઓને દવાખાનામાં વિનામૂલ્યે પ્રસૂતિ સારવાર
- દવાખાનામાં પ્રસૂતિ થયેલી માતા-બાળકને વિનામૂલ્યે સલામત ઘરે પહોંચાડવા માટે ખિલખિલાટ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ
- સાણંદ, હાલોલ, જુનેદમાં વિશેષ મહિલા ઔદ્યોગિક પાર્ક (વુમન એન્ટરપ્રેન્યોરશિપ પાર્ક) કાર્યરત
- રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મહિલાઓ માટે ૫૦% અનામતની સિસ્ટમ અમલી
- કેન્દ્ર સ્તરે મહિલા સશક્તિકરણ માટે વિવિધ યોજનાઓ અમલી જેમ કે, પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના
- સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધી ૨૧.૧૧ લાખ ખાતા ખોલવામાં આવ્યા
- વડાપ્રધાનશ્રીના હસ્તે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫થી 'સ્વસ્થ નારી, સશક્ત રરિવાર' અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ.
- ચાલુ પગારે પ્રસૂતિ રજા ૧૨ અઠવાડિયાથી વધારીને ૨૬ અઠવાડિયા સુધી કરવામાં આવી.

### રાષ્ટ્ર પ્રથમ, જનહિતમાં સમર્પિત નેતૃત્વ

- ૨૦૧૬માં સર્જિકલ સ્ટ્રાઈક, ૨૦૧૯માં એરસ્ટ્રાઈક અન ૨૦૨૫માં ઓપરેશન સિંદૂરથી ભારતનો આતંકવાદ સામે જડબાતોડ જવાબ અને દેશના સાર્વભૌમત્વની રક્ષા.
- ઓપરેશન સિંદૂર હેઠળ નિયંત્રણ રેખાની પાર અને પાકિસ્તાનમાં છેક અંદર સુધી ૯ આતંકવાદી શિબિરોનો સફાયો કરાયો.
- ૨૦૧૪થી સંરક્ષણ નિકાસમાં ૩૪ ગણો વધારો, વૈશ્વિક સંરક્ષણ કેન્દ્ર તરીકે ભારતનો ઉદય
- ત્રિપલ તલાકનો કાયદો નાબૂદ કરીને મુસ્લિમ મહિલાઓ સામે થતા અન્યાય પર નિયંત્રણ.
- ભારતના બંધારણમાંથી કલમ ૩૭૦ અને કલમ ૩૫એ દૂર કરવાનો ઐતિહાસિક નિર્ણય.
- ઓપરેશન ગંગા હેઠળ ૨૩ હજાર ભારતીયોને યુક્રેનમાંથી સુરક્ષિત પરત લાવવામાં આવ્યા.




# અરવલ્લી જિલ્લાના સાઠંબા પીપલ્સ બેંકના ઈન્ચાર્જ મેનેજરે ૩ કરોડથી ઉપરની રકમનુ કર્યુ ભોપાળુ

## બેંક સત્તાવાળાઓ દ્વારા ઘોડા છુટી ગયા પછી તબેલાની તાળુ મારવા જેવી સ્થિતિ : ફરીયાદ નોંધાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

તાજેતરના સમયમાં અરવલ્લી સાથે સમગ્ર ઉત્તર ગુજરાતમાં એક પછી એક નાણાંકીય કૌભાંડો બહાર આવતા જાય છે. જેના કારણે નાના રોકાણકારોને પસ્તાવવાનો વારો આવ્યો છે. અરવલ્લી જિલ્લાની નામાંકીત સહકારી વેપારી બેંક સાઠંબા પીપલ્સ કો ઓપરેટીવ સહકારી બેંકમાં ઈન્ચાર્જ મેનેજર દ્વારા છેલ્લા એક વરસ દરમિયાનના સમયમાં ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી ૩ કરોડ રૂપીયા ઉપરાંતનુ ફુલેકુ ફેરવાયાનુ શનિવારે સવારે સાઠંબાના બજારોમાં વાતો ફેલાતા ચકચાર મચી જવા પામી છે.

સાઠંબા પીપલ્સ બેંકના ચુંટાયેલા હોદેદારોને જયારે ઈન્ચાર્જ મેનેજરે નાણાંકીય ગફલુ આચર્યાની જાણ થતા હોદેદારો હાફળા ફાંફળા થઈ ગયા હતા.

બેંકના સભાસદોમાં અને ખાતેદારોમાં આ વાત વાયુ વેગે ફેલાઈ જતા સભાસદોના અને ખાતેદારોના ટોળેટોળા બેંકમાં ઉમટી પડયા હતા. સાઠંબા પીપલ્સ સહકારી બેંકના ઈન્ચાર્જ મેનેજર પીંકલ ડી પટેલ દ્વારા બેંકમાં મેનેજર પાસે રહેતા ખાસ આરબીઆઈ કોડ અને પાસવર્ડનો ઉપયોગ કરી પોતાના સગા વ્હાલાઓના ખાતામાં કરોડો રૂપીયાનુ ઓનલાઈન ટ્રાન્ઝેકશન કરી બેંકની



અનામત સીલક સાથે ચેડા કરી ઉચાપત કરી હોવાનુ બહાર આવ્યુ છે. જાણવા મળેલી માહિતી પ્રમાણે આ ઈન્ચાર્જ મેનેજર પીંકલ પટેલ દ્વારા ઈન્ટ્રાડે ઓનલાઈન સટ્ટો કર્યો હોવાની પણ ચર્ચા થઈ રહી છે. બેંકના સત્તાધીશો સાથે થયેલી મૌખિક વાતચીત દરમિયાન જાણવા મળ્યુ છે કે અંદાજીત ૩ કરોડ રૂપીયા ઉપરાંતની આ ઈન્ચાર્જ મેનેજરે ઉચાપત કર્યાનુ જાણવા મળ્યુ છે. હજુ ચોકકસ આંકડો ઓડીટ રીપોર્ટ દરમિયાન બહાર આવશે. હાલ બેંક સત્તાધીશો દ્વારા આ ઈન્ચાર્જ મેનેજર પીંકલ પટેલ સામે પોલીસ ફરીયાદ નોંધાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.


સાઠંબા પીપલ્સ સહકારી બેંકના હોદ્દેદારોને જયારે ૩ કરોડ રૂપીયા ઉપરાંતની રકમનુ કૌભાંડ ઈન્ચાર્જ મેનેજર દ્વારા આચરવામાં આવ્યુ હોવાની જાણ થતા તાત્કાલીક ખાસ ઓડીટરોને બોલાવી હિસાબોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. સાઠંબા પીપલ્સ બેંકના સત્તાવાળાઓને પ્રાથમિક દ્રષ્ટીએ આ કૌભાંડ કેવી રીતે આચરવામાં આવ્યુ તેની મોડસ ઓપરેન્ડી સમજ ન આવી, સાઠંબા પીપલ્સ બેંકના ખાતેદારોમાં થતી ચર્ચાઓ મુજબ ઈન્ચાર્જ મેનેજર પીંકલ પટેલનુ છેલ્લા ઘણા સમયથી વર્તન રહસ્યમય હતુ. પીંકલ પટેલ આટલો શાતીર ખેલાડી હશે અને કૌભાંડ આચરવાની તેની મોડસ ઓપરેન્ડી આટલી બધી ટેકનોલોજીયુકત હશે કે બેંકના ચેરમેન, એમડી અને ડીરેકટરોને બાર મહિના ચાલતા ઈન્ચાર્જ મેનેજરના આ મોટા કૌભાંડની ગંધ શુધ્ધા પણ ન આવી.

# ગુજરાત સરકારના વર્ગ ૪ ના કર્મચારીઓને દિવાળીની ભેટ : રૂ.૭ હજારની મર્યાદામાં ચુકવાશે બોનસ

પ્રતિનિધિ,ગાંધીનગર

દિવાળી પહેલા જ રાજય સરકારના વર્ગ ૪ ના કર્મચારીઓને સરકારે મોટી ભેટ આપી છે. તહેવારો પહેલા જ સરકારે ૭ હજાર રૂપીયાની મર્યાદામાં એડહોડ બોનસ આપવાની જાહેરાત કરી છે.

રાજય સરકાર ૧૬૯૨૧ કર્મચારીઓને આ બોનસ ચુકવશે. વર્ગ ૪ ના અંદાજે ૧૬૯૨૧ કર્મચારીઓ તથા રાજય મંત્રી મંડળ પરના મહેકમ પરના, વિધાનસભા અધ્યક્ષના, દંડકના, નાયબ દંડક અને ઉપદંડક તથા પંચાયત, યુનિર્વસિટી સંલગ્ન કોલેજો,



ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ અને કોલેજો અને જેમને બોર્ડ કોર્પોરેશન દ્વારા બોનસ ચુકવવામાં આવતુ નથી તેવા રાજય સરકારના બોર્ડ કોર્પોરેશનમાં ફરજ બજાવતા વર્ગ ૪ ના કર્મચારીઓને આ લાભ મળવાપાત્ર છે.

# શાંત ગુજરાતમાં વધ્યો અપરાધનો કહેર : એક જ વરસે ૨૩૨ છમકલાં : એનસીઆરબી રીપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર

શાંત અને સમૃધ્ધ ગુજરાતની જાણે શાંતિ હણાઈ છે, કારણ કે એક જ વરસમાં રાજયમાં ૨૩૨ છમકલા થયા છે. ધાર્મિક મુદ્દે જ નહી જાતિવાદના મુદ્દે પણ ગુજરાતમાં તોફાન થયા છે. પાણી અને વિજળીના પણ બે જુથો વચ્ચે મોટી તકરાર થઈ હોવાનુ પોલીસ ચોપડે નોંધાયુ છે. ટુંકમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલ પરથી ગુજરાતની કાયદો વ્યવસ્થાની સ્થિતિ ઉજાગર થઈ છે.

ગુજરાતમાં નાની સરખી બાબતે પણ ઝઘડા વધવા માંડયા છે. એટલુ જ નહી શહેરો અને ગામડાઓમાં જુથવાદ અને જાતિવાદનુ બી રોપાયુ છે. જેના કારણે તોફાન થવા માંડયા છે. વધતા જતા / તોફાન રમખાણો, છમકલાઓ શાંત ગુજરાતની ઓળખ સામે સવાલો ઉભા થયા છે.



કારણ કે વર્ષ ૨૦૨૩ માં જ ગુજરાતમાં કુલ મળીને ૨૩૨ તોફાન થયા હોવાનુ નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અહેવાલમાં નોંધ્યુ છે. જેમાં ધાર્મિક મુદ્દે ૧૭ કોમી તોફાન થયા હતા. બે જુથ વચ્ચે તોફાન થયાની ૨૧ ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાઈ ચુકી છે. પાણીના મુદ્દે પણ ઝઘડા થયા છે. ત્રણેક કિસ્સામાં પાણીના મામલે બે જુથો વચ્ચે છમકલુ થયુ હતું. ખેતર અને ખેતી પણ ઝઘડાનુ કારણ બની રહ્યુ છે. કૃષિ મુદ્દે તોફાન થયુ હોય તેવી સાતેક ઘટના બની હતી. ગામડા / શહેરમાં બે જુથ કોમ વચ્ચે ઝઘડો કંકાશ થયો હોય તે માટે પ્રેમ પ્રકરણ જવાબદાર કારણ બની રહ્યુ છે, પ્રેમ લગ્ન મુદ્દે વિખવાદ થતા બે જુથો આમને સામને આવતા તોફાને સ્વરૂપ લીધુ હોય તેવા ૭૨ કેસ નોંધાયા છે. આંતરીક દૂશ્મનાવટને લીધે બે કોમ જાતિ વચ્ચે તોફાન થયા હોવાની ૨૦ ઘટના બની છે. જાતિવાદના ઝેરે ગામડાઓની જાણે શાંતિ હણી છે, કયાંક મંદિરમાં પ્રવેશ અપાતો નથી તો કયાંક આખીય જાતિનો બહિષ્કાર કરાય છે. આ પરીસ્થિતિ વચ્ચે જાતિવાદનો મુદ્દે પણ બે કિસ્સામાં તોફાન થયા હોવાનો રીપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે. રાજયમાં પાંચેક કિસ્સા એવા બન્યા છે. જયાં પૈસા અને મિલ્કતને લીધે જાતિ / કોમ વચ્ચે બબાલ થઈ હતી. આમ શાંત ગુજરાતમાં જાણે પલીતો ચંપાયો હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે.

# ગોપાલ ઈટાલીયાનો માસ્ટર સ્ટ્રોક : જય જવાહર ચાવડાને બોલાવીને ૪૫૦ થી વધુ ટેકેદારોને આમ આદમી પાર્ટીમાં કર્યા સામેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની જીત બાદ ગુજરાતમાં આમ આદમી પાર્ટી સજીવન થઈ છે અને લોકોનો ભરોસો પાર્ટી તરફ વધ્યો છે. ઈટાલીયાની સક્રિયતાના કારણે રાજયમાં આમ આદમી પાર્ટી કોંગ્રેસને રીપ્લેસ કરવા સક્ષમ બની શકે તેવી રાજકીય અટકળો વચ્ચે ગઈ કાલે એક મોટો રાજકીય ધમાકો થયો હતો.

ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડાના ખાસ ટેકેદારો સહિત ૪૫૦ થી વધુ કાર્યકર્તાઓ ભાજપ છોડીને આમ આદમી પાર્ટીમાં જોડાઈ જતા પ્રદેશ ભાજપમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. જવાહર ચાવડાના સમર્થકો ગણાતા અને જિલ્લામાં મહત્વનુ સ્થાન ધરાવતા આગેવાનોએ મુળીયા મુકામે યોજાયેલી આમ આદમી પાર્ટીની જનસભામાં ગોપાલ ઈટાલીયાના હસ્તે ખેસ ધારણ કરી પક્ષ પ્રવેશ કર્યો હતો. ભાજપના જોડાયેલા આગેવાનોમાં (૧) રમેશ કોદાવલા જેઓ ભાજપના પૂર્વ મંત્રી જવાહર ચાવડાના ખાસ ટેકેદાર, જિલ્લા પંચાયતના પ્રભારી, પ્રદેશ ભાજપના કારોબારી સભ્ય અને સમસ્ત સગર સમાજના પ્રમુખ (૨) અંકીત કોદાવાલા કે જેઓ જિલ્લા યુવા ભાજપના આગેવાન છે. (૩) કમલેશ કોદાવલા કે જેઓ તાલુકા ભાજપના મહામંત્રી છે (૪) ભીમશીભાઈ રામ કે જેઓ તાલુકા ભાજપના ઉપપ્રમુખ છે.

આ ઉપરાંત કાલીમ્ભડા ના પૂર્વ સરપંચ અને દલીત સમાજના આગેવાન પ્રેમજીભાઈ, વાંદરવડના પૂર્વ સરપંચ અને ક્ષત્રિય સમાજના આગેવાન રામભાઈ બાબરીયા,




સરકડીયાના પૂર્વ સરપંચ ઉમેશ પટેલ, લાડુડીના પૂર્વ સરપંચ ભાયાભાઈ કોળી, દેવગામના પૂર્વ સરપંચ દિનેશભાઈ પોલા અને લાડુડીના પૂર્વ સરપંચ અંજાભાઈ ભગાભાઈ સહિત ૪૫૦ થી પણ વધુ ભાજપના કાર્યકર્તાઓએ આમ આદમી પાર્ટીમાં પ્રવેશ કર્યો હતો.

પ્રદેશ ભાજપના કારોબારી સભ્ય અને મોટા સમાજના પ્રમુખ દ્વારા પક્ષ છોડવાના કારણે પ્રદેશ ભાજપમાં મોટો રાજકીય ભડકો થયો હતો. રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે હાંસીયામાં ધકેલાઈ ગયેલા જવાહર ચાવડાના ટેકેદારોનુ આમ આદમી પાર્ટીમાં જોડાવવુ એ આગામી સમયમાં ગુજરાતના રાજકારણ માટે મોટો સંકેત હોઈ શકે છે. ગોપાલ ઈટાલીયાએ આ પ્રસંગે સોશીયલ મીડીયા પર જણાવ્યુ હતુ કે માળીયા ગામ ખાતે યોજાયેલ જનસભામાં વિશાળ સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહીને આમ આદમી પાર્ટીને સહકાર આપવાનો સંકલ્પ કર્યો છે. આ જનસભા દરમિયાન સગર સમાજના પ્રમુખ અને ભાજપના પ્રદેશ આગેવાન રમેશ કોદાવલા અને તેમના અનેક કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટીમાં જોડાયા. ગુજરાતના રાજકારણનો પવન કઈ દિશામાં ફુંકાય છે તે તો આવનારો સમય જ બતાવશે. પરંતુ હાલ ગોપાલ ઈટાલીયાના નેતૃત્વ હેઠળ આમ આદમી પાર્ટી રાજયમાં પોતાની પકકડ મજબુત બનાવી રહી છે.

# જાત્રા કરવાના નામે ભેજાબાજ ૫૯ લોકો પાસેથી ૨.૩૬ લાખ પડાવી ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)જામ ખંભાળિયા

જામ ખંભાળિયામાં એક ભેજાબાજ લોકો પાસેથી જાત્રા કરાવાના નામે પૈસા પડાવી રફૂચક્કર થઈ ગયો હતો. આ ભેજાબાજ ઠગે લોકો પાસેથી જાત્રા કરવાના નામે ૨.૩૬ લાખ ઉઘરાવ્યા હતા.

જામ ખંભાળિયામાં ૫૯ લોકો સાથે ઠગે જાત્રા કરાવાના નામે છેતરપિંડી કરી છે. લોકોને જાત્રા કરવાના નામે ૨.૩૬ લાખની છેતરપિંડી કરવામાં આવી છે.

આ ભેજાબાજે લોકોને માત્ર ૪ હજારમાં જાત્રા થશે તેવી લાલચ આપી હતી અને બાકીના પૈસા સરકાર ચુકવશે તેમ જણાવ્યું હતું જેથી સસ્તામાં જાત્રા કરવા મળશે તેવી લાલચમાં લોકો આવી ગયા હતા.

